કબજા વગર ના બનાખત નો કરાર

જત ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ – ૨ (વાડજ) નાં સાબરમતી તાલુકાનાં મોજે ગામ વાડજની સીમના રેવન્યુ સર્વે નં – ૫૩૭/એ – ૩ જેનું ક્ષેત્રફળ ૧૦૧૨ ચો.મી. જેનો ટી.પી.સ્કીમ નંબર – ૨૮ ના ફાઈનલ પ્લોટ નંબર – ૫૫૨ ની બીનખેતીની જમીનમાં આવેલ "મુરલી એપાર્ટમેન્ટ" નાં ફ્લોરમાં આવેલ ફલેટ નંબર......ની આશરે સ.ચો.મી.ના બાંધકામ વાળી મીલકતનો કબજા વગરનો બાનાખતનો કરાર.

લખી આપનાર (એક તરફવાળા) :- મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશન

ધી બોમ્બે નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ, ૧૯૫૯ ની જોગવાઈઓ અનુસાર એન.ટી.સી.જી. ૨૭૫, તા.૦૪/૦૨/૧૯૮૦થી નોંધાયેલ નોન ટ્રેડીંગ એસોસીએશન આવેલ છે,

ઠેકાણું:- મુરલી એપાર્ટમેન્ટ, સોરાબજી કમ્પાઉન્ડ, નવા વાડજ, અમદાવાદ- ૩૮૦ ૦૧૩ના

(૧) ચેરમેનઃ- જીતેન્દ્ર મદનલાલ ભારતી

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

ઉં. આ. પુખ્ત, ધંધો – વેપાર, ધર્મે તથા જાતે હીન્દુ, રહેવાસી:- ૮, મુરલી એપાર્ટમેન્ટ, સૌરાબજી કમ્પાઉન્ડ, નવા વાડજ, અમદાવાદ – ૩૮૦ ૦૧૩
(જેમને હવે પછી આ બાનાખતના કરારમાં "અમો" અને અગર "લખી આપનાર" એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દનાં અર્થમાં "અમો" "લખી આપનાર"ના હાલના તથા વખતો વખતના ચેરમેન સેક્રેટરી વીગેરે તમામનો તથા તેઓના વંશ, વાલી, વારસો, એકઝીકયુટરો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે.)

લખાવી લેનાર
(બીજી તરફવાળા)

(૧)...........................
ઉ.આ.વ......, ધંધો:.......... ધર્મ તથા જાતે હીન્દુ
રહેવાસી:

(જેમને હવે પછી આ બાનાખતના કરારમાં "તમો" અને-અગર "લખાવી લેનાર" એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દનાં અર્થમાં તમો લખાવી લેનારનાં વંશ, વાલી, વારસો, એકઝીકયુટરો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે.)

કન્ફર્મિંગ પાર્ટીવાળા:

હીના કન્સ્ટ્રકશન
(PAN – AAOFH5230M)
એ નામની ભાગીદારી પેઢી જેનું સરનામુ: ૩૫૯/૨૩, પહેલો માળ, ખત કોલોની, રોનક પાર્ક સોસાયટીની સામે, બાપા

FOR, HEENA CONSTRUCTION
PARTNERSHIP

સીતારામની મઢુલીની પાસે, નવા વાડજ, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ છે તેનાં ભાગીદારી વતી અને તરફથી નિમાયેલા અધિકૃત ભાગીદાર

હિમાલય મનસુખભાઈ મકવાણા

ઉ.આ.વ. ૨૮, ધંધો વેપાર, ધર્મ તથા જાતે હીન્દુ, રહેવાસીઃ- ૩૫૯/૨૩, પહેલો માળ, ખત કોલોની, રોનક પાર્ક સોસાયટીની સામે, બાપા સીતારામની મઢુલીની પાસે, નવા વાડજ, અમદાવાદ – ૩૮૦ ૦૧૩.

(જેમને હવે પછી આ બાનાખતના કરારમાં "કન્ફર્મીંગ પાર્ટીવાળા" એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દનાં અર્થમાં "કન્ફર્મીંગ પાર્ટીવાળા" ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો વીગેરે તમામનો તથા વંશ, વાલી, વારસો, એકઝીકયુટરો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે.)

(૧) જત ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ – ૨ (વાડજ) નાં સાબરમતી તાલુકાનાં મોજે ગામ વાડજની સીમના રેવન્યુ સર્વે નં – ૫૩૭/એ – ૩ જેનું ક્ષેત્રફળ ૧૦૧૨ ચો.મી. જેનો ટી.પી.સ્કીમ નંબર – ૨૮ ના ફાઈનલ પ્લોટ નંબર – ૫૫૨ ની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ "મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશન" કે જે ધી બોમ્બે નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ, ૧૯૫૯ ની જોગવાઈઓ અનુસાર એન.ટી.સી.જી. ૨૭૫, તા.૦૪/૦૨/૧૯૮૦ના રોજ નોંધાયેલ નોન ટ્રેડીંગ એસોસીએશન તરફથી બાંધવામાં આવેલ છે, જેનું સરનામું મુરલી એપાર્ટમેન્ટ, સોરાબજી કમ્પાઉન્ડ, નવા વાડજ, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ છે. હાલમાં બીજીતરફવાળાઓને મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશનના સભાસદોનાં હકકે વરાડે પડતાં જમીનનાં

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

હકકો તેમજ, શેર કેપીટલ, શેર્સ તથા ૧૨ ફલેટો એલોટ કરવામાં આવેલ છે તે તમામ સહીતની મીલકત લખી આપનારાઓની દરેકની પોતાની સ્વતંત્ર તથા મજકુર જમીનવાળી મીલકત સંયુકત માલીકી હકકે પ્રત્યક્ષ સહકબજા સહભોગવટામાં આવેલ છે. સદર નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનમાં કુલ ૧૨ ફલેટોનાં બાંધકામ વાળી મીલકત મજકુર એસોસીએશનનાં સભાસદ તરીકે લખી આપનાર એસોસીએશનનાં તમામ સભ્યદની દરેકની માલીકી કબજા ભોગવટામાં આવેલ છે.

(૨) સદર મુરલી એપાર્ટમેન્ટનું બાંધકામ ખુબ જુનું, નબળું, નાજુક તથા જર્જરીત હાલતનું થઇ ગયેલ હોઈ લખી આપનારાઓના દરેક સભાસદોએ પોતાના સભ્યપદના હકકવાળા ફ્લેટોનું બાંધકામ તોડી નાંખીને રહેઠાણનાં ફલેટોનું નવેસરથી બાંધકામ કરવાનું નકકી કરેલ છે. જે બાબતે તા.૦૨/૦૪/૨૦૨૨ ના રોજ મળેલ મીટીગમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરેલ છે. લખી આપનારાઓની માલીકી હકકવાળા ફલેટોનું નવેસરથી બાંધકામ યાને રી-ડેવલપમેન્ટ કરવા માટે અલગ અલગ ડેવલપર્સ બિલ્ડર્સ પાસેથી જુદી જુદી પ્રપોઝલ તથા પ્લાનો મંગાવેલ અને તે અંગે સદર એસોસીએશનનાં સભાસદો યાને લખી આપનારાઓએ વખતો વખત મીટીંગો તથા ચર્ચા-વિચારણા કરેલ. સદર મુરલી એપાર્ટમેન્ટના રી-ડેવલપમેન્ટના કામ અંગે કન્ફમીંગ પાર્ટીવાળા હિના કન્સ્ટ્રકશન તરફથી મળેલ ઓફરલેટર તથા સ્પેસીફીકેશન અને બાંધકામના પ્લાન લખી આપનારાઓને આપવામાં આવેલ તે અંગે લખી આપનારાઓએ જરૂરી અભ્યાસ વીગેરે કરીને મીટીંગો અને ચર્ચા વિચારણા કરેલ. લખી આપનારાઓનાં સભાસદ અને માલીકી હકક વાળા સદર મુરલી એપાર્ટમેન્ટના હાલનાં તમામ બાંધકામ તોડીને નવેસરથી રહેઠાણનાં ફ્લેટોનું બાંધકામ કરવા યાને રી-ડેવલપ કરવા સારૂ તા.૦૫/૦૫/૨૦૨૨ ના રોજ લખી આપનારાઓની મળેલ ખાસ સાધારણ સભામાં સર્વાનુમતે નકકી કરીને ઠરાવ પસાર કરવામાં આવેલ, જેમાં પરિશિષ્ટ-૧ માં જણાવેલ જમીનવાળી મીલક્તમાં અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના હાલનાં પ્રવર્તમાન કાયદા નિતિનિયમો અને બાયલોઝ મુજબ ૧૨ ફ્લેટો ઉપરાંત વધારાના ૯ ફ્લેટો એમ મળીને કુલ ૨૧ ફલેટોનાં

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

બાંધકામના એફ.એસ.આઈ.નાં હકકો કન્ફર્મીંગ પાર્ટીવાળાને મળવાપાત્ર વધારાનાં ૯ ફ્લેટોનાં સભાસદનાં હકકો સહીત કન્ફર્મીંગ પાર્ટીવાળાને રીડેવલપ કરવા માટે તા - ૦૫/૦૫/૨૦૨૨ ના રોજ ઠરાવ નં.૩ થી લખી આપનારાઓ અને એસોસીએશનના તમામ સભ્યોની મળેલ મીટીંગમાં સંયુકત અને વ્યકિતગત રીતે સહમતિ આપેલ છે અને ત્યારબાદ પેરા-૧ માં જણાવેલ જમીનનું જુનું બાંધકામ દુર કરવા તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્તમાન કાયદા-બાયલોઝ મુજબ પાયામાંથી નવેસરથી રહેઠાણનાં ફ્લેટોનું બાંધકામ સંપૂર્ણ કરીને જુના ૧૨ સભાસદોને તેઓને ફ્લેટનો કબજો પરત સોંપવા અને વધારાના ૯ ફ્લેટો અંગે કોઈપણ વ્યકિતને લખી આપનાર એસોસીએશનનાં સભાસદ તરીકે દાખલ કરીને ટ્રાન્સફર કરવા અંગે લખી આપનાર એસોસીએશન તથા એસોસીએશનનાં તમામ સભાસદોએ ભેગા મળીને એસોસીએશનની માલીકીની તમામ જમીન તથા જુના ૧૨ ફ્લેટોનો ખાલી અને પ્રત્યક્ષ કબજો કર્ફેમીંગ પાર્ટીવાળાને સોપેલ અને આ તમામ બાબતોનો જરૂરી ડેવલપમેન્ટ કરાર તારીખ - ૧૮/૦૭/૨૦૨૨ નાં રોજ કરવામાં આવેલ જે કરાર તે જ તારીખે અમદાવાદ- ૨ (વાડજ)ના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર – ૧૫૬૪૫ થી નોંધવામાં આવેલ તેમજ પેરા-૧ માં જણાવેલ જમીનમાં ફ્લેટોનું બાંધકામ કરવા અંગેનો જરૂરી પ્લાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને તા – ૧૫/૦૯/૨૦૨૨નાં રોજ કેસ નંબર: BLNTS/WZ/030822/CGDCRV/A6342/R0/M1 અને રજાચિઠ્ઠી નંબર: 06813/030822/A6342/R0/M1 થી મંજુર કરેલા તે મુજબ પેરા-૧ માં જણાવેલ જમીનમાં કર્ફમીંગ પાર્ટીવાળાએ પોતાના ખર્ચે મંજુર થયેલ પ્લાન મુજબ ગ્રાઉન્ડ ફલોર, હોલોપ્લીન્થમાં પાર્કીંગ તથા ગ્રાઉન્ડ ફ્લો, ફર્સ્ટ ફ્લોર, સેકન્ડ ફ્લોર, થર્ડ ફ્લોર, ફોર્થ ફ્લોર, ફીફ્થ ફ્લોર, સીકસ ફ્લોર અને સેવન્થ ફ્લોરમાં થઈને કુલ ૨૧ ફ્લેટોનું બાંધકામ શરૂ કરેલ.

(૩) સદરહુ "મુરલી એપાર્ટમેન્ટ" ના નામની રહેઠાણના બાંધકામ વાળી યોજનાની ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ઓથોરીટીએ મુજબ નોંધણી કરાવેલ છે અને રીઅલ

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

એસ્ટેટ રેગ્મેશન અધિકારી અમદાવાદનાએ તા......... ના રોજના નોંધણી નંબર...... થી આપવામાં આવેલ છે.

(૪) લખી આપનાર મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશનના જુના ૧૨ સભાસદોનાં રી-એલોટ કરેલા ફલેટો સિવાયના વધારાનાં ૯ ફલેટો કન્ફર્મીંગ પાર્ટીવાળા પોતાના કબજે રાખીને કન્ફર્મીંગ પાર્ટીવાળા પોતાની ઈચ્છા મુજબ લખાવી લેનારાઓને વેચાણ, ગીફટ તથા અન્ય રીતે ટ્રાન્સફર કરવા હકકદાર હોવાથી સદર "મુરલી એપાર્ટમેન્ટ" ની યોજનામાં બાંધવામાં આવેલ ફલેટો પૈકી ફલેટ નંબર....., સ.ચો.મી. બિલટઅપ એરીયા ફલોર, સ.ચો.મી. ફલેટનો રેરા કાર્પેટ એરીયા અને આશરે સ.ચો.મી.ની બાલ્કની તથા વોશ એરીયાનું બાંધકામ તથા પેરા-૧ માં જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ૧/૨૧ મો હકક હીસ્સો એ રીતેની મીલકત તમો લખાવી લેનાર લેવા ઈચ્છા દર્શાવતા તમો લખાવી લેનારને મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશનના સભાસદ તથા શેર સર્ટીફીકેટનાં હકકો સહીત આપવાનું નકકી કરેલ જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં જણાવેલ છે અને કન્ફર્મીંગ પાર્ટીવાળાએ સદર નીચે પરીશિષ્ટમાં જણાવેલ મીલકત મજકુર એસોસીએશનના સભાસદ તરીકે તમો લખાવી લેનારેને બાનાખતનો કરાર કરવાનું નકકી કરેલ આથી લખી આપનાર અને કન્ફર્મીંગ પાર્ટીવાળાએ ભેગા મળીને તમો લખાવી લેનારની તરફેણમાં આજરોજ બાનાખતનો કરાર તમો લખાવી લેનારને કરી આપીએ છીએ.

(૫) સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ ફલોરનો ફલેટ નં....... વાળી મીલકત તેની અંદરના તમામ બાંધકામ સહીતની, નળ, ગટર સહીતની, ઈલેકટ્રીક ફીટીંગ ચાલુ વપરાશ સાથેની, ઈલેકટ્રીક સર્વીસના હકકો સહીતની, અસલ હદ હકકો સહીતની તથા ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં વગર વહેચાયેલ ૧/૨૧ માં ભાગનો બેનીફીસીયલ માલીક તરીકેના હકક હીતો સહીતની તથા મજકુર એસોસીએશનના શેરોના હકક સહીતની. મજકુર એસોસીએશનના સભાસદ તરીકે તેના હાલના તથા વખતો વખતના

FOR, HEENA CONSTRUCTION
PARTNERSHIP

નીતિનિયમોનું પાલન કરવાની જવાબદારી સહીતની તથા સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે આ દસ્તાવેજમાં જણાવેલ તમામ હકકો સહીતની તથા જવાબદારીઓનું પાલન કરવાની શરત સહીતની સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત તમો લખાવી લેનાર પાસેથી કન્ફર્મિંગ પાર્ટીવાળાએ કુલ વેચાણ અવેજની નકકી કરેલ રકમ રૂ.......... અંકે રૂપિયા પુરા ચુકતે લઈને તમો લખાવી લેનારની તરફેણમાં એલોટમેન્ટનો દસ્તાવેજ તમો લખાવી લેનારને કરી આપનો રહેશે.

(૬) આ બાનાખતમા તમો લખાવી લેનાર તરફથી કન્ફર્મિંગ પાર્ટીવાળાને બાનાની રકમ પહોચ્યાની વિગત :. ____________ એ રીતેના આ બાનાખતમાં દર્શાવેલ મીલકત તમો લખાવી લેના રૂ.____________ અંકે રૂપિયા________________ પુરા સદરહુ મીલકતના કુલ અવેજના ૧૦ ટકાની રકમ ઉપરની વિગતે ચુકવેલ બાનાની રકમ માત્ર કન્ફર્મિંગ પાર્ટીવાળાએ કરેલ બાંધકામ અંગેના સ્વીકારેલ છે અને લખી આપનાર એસોસીએશને સદર સ્કીમમાં ૧૨ જુના સભ્યો તથા ૯ નવા સભ્યો મળી કુલ બાંધવામાં આવેલ ૨૧ ફલેટો પૈકી ૯ નવા સભ્યોને જમીનમાં લખાવી લેનારને મળતા ૧/૨૧મા ભાગની જમીન અંગે કોઈપણ જાતનો અવેજ અમો લખી આપનાર એસોસીએશનને કોઈ રકમ લીધેલ નથી જે અંગેની સંમતિ અમો લખી આપનાર એસોસીએશન તમો લખાવી લેનારને આપીએ છીએ.

(૭) લખાવી લેનાર આ કરાર કરવામાં આવ્યું તે વખતે /પહેલા ....(અંકે રૂપિયા ....પુરાની રકમ કુલ વેચાણ કિમતના ૧૦ ટકાથી વધુ નહી) આગોતરી ચુકવણી અથવા અરજી અથવા બાનાની રકમ તરીકે ચુકવી છે ને તેઓ કન્ફર્મિંગ પાર્ટીવાળાને બાકી રહેલી રકમ રૂ...................... (અંકે રૂપિયા...........................)ની રકમ મુજબ ચુકવવા સંમત થાય છે.

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

(૧) રૂ.................... (અંકે રૂપિયા.................... પુરા) (કુલ કિંમતના ૩૦ ટકાથી વધુ નહી) કન્ફર્મિંગ પાર્ટીવાળાને આ કરાર કરવામાં આવ્યા બાદ ચુકવવાની રહેશે.

(૨) રૂ.......................(અંકે રૂપિયા........................... પુરા) (કુલ કિંમતના ૪૫ ટકાથી વધુ નહી) કન્ફર્મિંગ પાર્ટીવાળાને, મુરલી એપાર્ટમેન્ટના બિલ્ડીંગનું પ્લીન્થ લેવલ સુધીનું બાંધકામ પુરૂ થયેથી ચુકવવાની રહેશે.

(૩) રૂ.................. (અંકે રૂપિયા........................... પુરા) (કુલ કિંમતના ૭૦ ટકાથી વધુ નહી) કન્ફર્મિંગ પાર્ટીવાળાને, મુરલી એપાર્ટમેન્ટમાં સ્ટીલ્સ સહીતના સ્લેબનું તેમજ આર.સી.સી.નું બાંધકામ પુરૂ થયેથી ચુકવવાની રહેશે.

(૪) રૂ.................. (અંકે રૂપિયા...................... પુરા) (કુલ કિંમતના ૭૫ ટકાથી વધુ નહી) કન્ફર્મિંગ પાર્ટીવાળાને, મુરલી એપાર્ટમેન્ટની દિવાલો, અંદરનું પ્લાસ્ટર, ફલોરીંગ બારી બારણાનું કામ પુરૂ થયેથી ચુકવવાની રહેશે.

(૫) રૂ................ (અંકે રૂપિયા...................... પુરા) (કુલ કિંમતના ૮૦ ટકાથી વધુ નહી) કન્ફર્મિંગ પાર્ટીવાળાને, મુરલી એપાર્ટમેન્ટના સેનેટરી ફીટીંગ્સ, દાદર, લીફટ, વેલ્સ, સેવન્થ ફ્લોર લેવલ સુધી લોબીનું કામ પુરૂ થયેથી ચુકવવાની રહેશે.

(૬) રૂ................. (અંકે રૂપિયા.................... પુરા) (કુલ કિંમતના ૮૫ ટકાથી વધુ નહી) કન્ફર્મિંગ પાર્ટીવાળાને, મુરલી એપાર્ટમેન્ટના અંદર બહારનું પ્લમબીંગ, બહારનું પ્લાસ્ટર, એલિવેશન, વોટરપ્રુફીંગ સાથેની ટેરેસનું કામ પુરૂ થયેથી ચુકવવાની રહેશે.

(૭) રૂ.................. (અંકે રૂપિયા..................... પુરા) (કુલ કિંમતના ૯૫ ટકાથી વધુ નહી) કન્ફર્મિંગ પાર્ટીવાળાને, મુરલી એપાર્ટમેન્ટના લીફટ, પાણીના પંપ, વીજળીક, યાંત્રીક, ઈલેકટ્રીક અને પર્યાવરણ સંબંધી જરૂરીયાતો જે વેચાણ ખતમાં જણાવવામાં આવેલી હોય તેનું કામ પુરૂ થયેથી ચુકવવાની રહેશે.

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

(૮) રૂ..................... (અંકે રૂપિયા...................પુરા) ની રકમ ભોગવટા પ્રમાણપત્ર યાને બીયુ. પરમીશન આપવામાં આવ્યેથી મુરલી એપાર્ટમેન્ટના કબજો લખાવી લેનારને સોપવામાં આવે ત્યારે ચુકવવાની રહેશે.

(૮) કન્ફર્મીંગ પાર્ટીવાળા, લખાવી લેનારને એપાર્ટમેન્ટનો કબજો તા.૩૧/૦૮/૨૦૨૭ ના રોજ અથવા તે પહેલા સોપશે કન્ફર્મીંગ પાર્ટીવાળા તેમના અથવા તેમના એજન્ટના નિયંત્રણ બહારના કારણોસર ઉપરોકત તારીખ સુધીમાં લખાવી લનારને કન્ફર્મિંગ પાર્ટીવાળા એપાર્ટમેન્ટનો કબજો ન સોંપી શકે અથવા તેમ કરવામાં નિષ્કાળજી દાખવે તો લખાવી લેનાર દ્વારા માગણી કરવામાં આવ્યેથી લખાવી લેનારને તેઓ એપાર્ટમેન્ટ માટે જેટલી રકમ ચુકવેલ હોય તેટલી રકમ તે રકમ કન્ફર્મિંગ પાર્ટીવાળાએ મેળવી હોય તે તારીખથી લઈને તે વ્યાજ સાથે પરત કરવામાં ન આવે ત્યાં સુધી ...ટકાના દરે વ્યાજ સાથે રિફંડ કરશે, પરંતુ એપાર્ટમેન્ટ જેમાં આવેલું હોય તેનું બાંધકામ પુરૂ કરવામાં નીચેના કારણોસર વિલંબ થાય તો કન્ફર્મિંગ પાર્ટીવાળાએ એપાર્ટમેન્ટનો કરબજો સોંપવા માટે બાંધકામના સમય યોગ્ય લંબાવી આપવાની માંગણી કરવા કન્ફર્મીંગ પાર્ટીવાળા હકકદાર રહેશે.

(૧) યુધ્ધ, આંતરીક વિગ્રહ અથવા દૈવી આપત્તિ

(૨) સરકાર અને/અથવા અન્ય જાહેર અથવા સક્ષમ સત્તામંડળ/ અદાલતની નોટીસ, આદેશ, જાહેરનામું.

(૯) કન્ફર્મિંગ પાર્ટીવાળા પરિયોજના પુરી કરવા માટેના અને લખાવી લેનારને એપાર્ટમેન્ટ ફલેટનો કબજો સોંપવા અંગેના સમયપત્રકનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો કન્ફર્મિંગ પાર્ટીવાળા લખાવી લેનારને જેઓ આ પરિયોજનામાં પાછાં ખસવા માંગતા નથી કબજો ન સોંપે ત્યાં સુધી, વિલંબના પ્રત્યેક માસ માટે લખાવી લેનારે ચુકવેલી તમામ રકમો પર વાર્ષિક (SBI MCLR+2) ટકાના દરે વ્યાજ ચુકવવા સંમત થયા છે. લખાવી લેનાર તેમની પાસેથી આ કરારની શરતો હેઠળ કન્ફર્મિંગ પાર્ટીવાળાની લેણી નીકળતી અને

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

ચુકવવા પાત્ર બનતી તમામ વિલંબિત ચુકવવી પડતી રકમ લખાવી લેનારે કન્ફર્મિંગ પાર્ટીવાળાને જયારથી ચુકવવાની થતી હોય તે તારીખથી વાર્ષિક (SBI MCLR+2) ટકાના દરે વ્યાજ કન્ફર્મિંગ પાર્ટીવાળા સાથે કન્ફર્મિંગ પાર્ટીવાળાને ચુકવવા સંમત થાય છે. કન્ફર્મિંગ પાર્ટીવાળા આ કરાર કરે તે પછી તેઓ આ એપાર્ટમેન્ટ ગીરો મુકશે નહીં અથવા તેના પર કોઈ બોજો ઉભો કરશે નહીં અને જો આવો કોઈ સાનગીરો અથવા બોજો ઉભો કરવામાં આવશે તો તત્પુરતા સમય માટે અમલમાં હોય તેવા કાયદામાં ગમે તે મજકુર હોય તેમ છતાં આવો સાનગીરો કે બોજો એપાર્ટમેન્ટ લેવા સંમત થનાર લખાવી લેનારના હકક અને હીતને અસર કરશે નહીં.

(૧૦) મુરલી એપાર્ટમેન્ટનું બાંધકામ પુરૂ થયા બાદ અને સક્ષમ સત્તામંડળ દ્વારા ભોગવટા પ્રમાણપત્ર યાને બી.યુ. પરમીશન આપવામાં આવ્યા બાદ કન્ફર્મિંગ પાર્ટીવાળા, કાર્પેટ એરીયામાં કોઈ ફેરફાર થયો હોય તો વિગતો રજુ કરીને લખાવી લેનારને આપવામાં આવેલા આખરી કાર્પેટ એરીયાને પુષ્ટિ આપશે. પરંતુ કાર્પેટ એરીયામાં થયેલો ફેરફાર 3 ટકાથી વધુ હોવો જોઈશે નહીં. કન્ફર્મિંગ પાર્ટીવાળા દ્વારા આવી પુષ્ટિ આપવામાં આવ્યા બાદ કાર્પેટ એરીયાની કુલ કિંમતની પુનઃગણતરી કરવાની રહેશે. કાર્પેટ એરીયામાં થયેલો ઘટાડો નિર્ધારીત મર્યાદાની અંદર હોય તો કન્ફર્મિંગ પાર્ટીવાળા એલોટીએ ચુકવેલા વધુ નાણાં લેનારે આવા વધુ નાણાં જયારથી ચુકવ્યા હોય તે તારીખથી (SBIMCLR+2) ટકા ના દરે વાર્ષિક વ્યાજ સાથે ૪૫ દિવસની અંદર રિફંડ કરશે લખાવી લેનારને આપવામાં આવેલા કાર્પેટ એરીયામાં કોઈ વધારો થયો હોય તો કન્ફર્મિંગ પાર્ટીવાળા ચુકવણીના કરવામાં આવેલા આયોજનનાં ત્યાર પછીના સીમાસ્તંભ મુજબ લેનાર પાસેથી વધારાની રકમની માંગણી કરશે આ તમામ નાણાંકીય ગોઠવણો ..... ચો.મી. દીઠ સમાન દરે કરવાની રહેશે.

(૧૧). કન્ફર્મિંગ પાર્ટીવાળા આથી જાહેર કરે છે કે પ્રોજેકટની જમીનનાં સંબંધમાં આજની તારીખ પ્રમાણેનો ફલોર સ્પેસ ઈન્ડેકસ ફકત ૧૨૦૨.૪૦ ચો.મી.છે અને કન્ફર્મિંગ

FOR, HEENA CONSTRUCTIO

PARTNERSHI

પાર્ટીવાળા રી-ડેવલપમેન્ટ એગ્રીમેન્ટમાં જણાવેલી વિવિધ યોજનાના અમલીને અથવા રી-ડેવલપમેન્ટ એગ્રીમેન્ટનાં સદરહુ પ્રોજેકટને લાગુ પડતા ફેરફાર ઉપર ભવિષ્યમાં મેળવી શકાય તેવી વધારેલી (એફ.એસે.આઈ.)ની અપેક્ષાને આધારે પ્રિમિયમની અથવા ઈન્સેન્ટિવ એફ.એસ.આઈ. તરીકે ઉપલબ્ધ એફ.એસ.આઈ.ની ચુકવણી પર મળતાં ટી.ડી.આર.અથવા એફ.એસ.આઈ.નો લાભ મેળવીને ૧૮૦૩.૬૦ ચો.મી.નાફલોર સ્પેસ ઈન્ડેકસનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે. કન્ફર્મિંગ પાર્ટીવાળા સદરહુ પ્રોજેકટમાંની પ્રોજેકટની જમીન ઉપર પોતેલાભ લેવાધારેલા ૧૩૧૪.૬૭ ચો.મી.નો ફલોર સ્પેસ ઈન્ડેકસ જાહેર કરેલાછે અને લખાવી લેનારે સુચિત એફ.એસ.આઈ.નો લાભ મેળવીને કન્ફર્મિંગ પાર્ટીવાળાએ એપાર્ટમેન્ટના સુચિત બાંધકામ અને વેચાણ આધારે અને જાહેર કરેલા સુચિત એફ. એસ. આઈ.નો લાભ ફકત કન્ફર્મિંગ પાર્ટીવાળાને મળેલ છે તેવી સમજુતીના આધારે સદરહુ એપાર્ટમેન્ટનું ખરીદવાનું કબુલ કરેલ છે.

(૧૨) સદર ફ્લેટ નં.......... વાળી મીલક્ત અંગે ઉપર પેરા-૧ માં જણાવેલ જમીનમાં આ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ તમોને વગર વહેચાયેલ હકક હીસ્સે રહેશે અને સદર આખી મીલકતની જમીન વહેંચી ના શકાય તે રીતેની હોવાની ગણાશે અને સદર નવું બાંધકામ આવેલ બિલ્ડીંગ સદર "મુરલી એપાર્ટમેન્ટ" નાં નામથી ઓળખાશે અને તે નામમાં ફેરફાર કરી શકશો નહીં અને એ રીતેના ઉપરોક્ત હકકો તથા જવાબદારીઓ સહીતની સદર ફ્લેટ નં...... વાળી મીલકત અમોએ તો લખાવી લેનારને એલોટ કરેલ છે અને ઉપરોક્ત હકકોની કિંમતનો સમાવેશ વેચાણ અવેજની કિંમતમાં થઈ ગયેલ છે અને તે મુજબનો એલોટમેન્ટનો દસ્તાવેજ તમો લખાવી લેનારને કરી આપવાનો રહેશે અને તે અંગેનો તમામ ખર્ચ તમો લખાવી લેનારે ભોગવવાની રહેશે તેમજ એલોટમેન્ટના દસ્તાવેજમાં જણાવેલ તમામ શરતો તમો લખાવી લેનારે કબુલ મંજુર રાખવાની રહેશે.

FOR, HEENA CONSTRUCTIC
PARTNERSH

(૧૩) કન્ફર્મિંગ પાર્ટી મજકુર રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટની જમીન ઉપર, ગ્રાન્ડ ફ્લોર અને ઉપરના માળનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મેળવવામાં આવેલ બાંધકામની રજાચિઠ્ઠી મુજબ મંજુર કરેલ પ્લાન અને ડીઝાઈન તથા સ્પેશીફીકેશન મુજબ મજકુર યોજનાનું બાંધકામ કરવામાં આવશે. વખતો વખતના કાયદાઓ મુજબ જે કાંઈ ફેરફાર કરવાના જરૂરી હોય અને તે અંગે તમો લખાવી લેનારને ફાળવવામાં આવેલ મજકુર ફલેટને કોઈ પ્રતિકુળ અસર થાય તો તેવા ફેરફાર અંગે લખાવી લેનારની અગાઉથી કર્ફેમીંગ પાર્ટીએ પુર્વ સંમતિ મેળવવાની રહેશે.

(૧૪) કન્ફર્મિંગ પાર્ટી સદરહુ રી-ડેવલપમેન્ટની યોજના અંગે બી.યુ. પરમીશન તથા જરૂરી પરવાનગીઓ સક્ષમ ઓથોરીટી પાસેથી મેળવી લે અને ત્યારથી માસ-૩માં તમો લખાવી લેનારે તમોને ફાળવેલ ફલેટ અંગેના પુરેપુરા અવેજના નાંણા કર્ફેમીંગ પાર્ટીને ચુકવી આપીને તમોને ફાળવેલ ફલેટનો કબજો કર્જમીંગ પાર્ટી પાસેથી મેળવી લેવાનો રહેશે.

મજકુર યોજના અંગે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન પાસેથી જરૂરી બી.યુ. પરવાનગીઓ મળ્યા બાદ કન્ફમીંગ પાર્ટી તમો લખાવી લેનારને એલોટ કરવામાં આવેલ ફલેટનો કબજો મેળવી લેવા દિન-૭ની નોટીસ આપવામાં આવશે અને જો તમો લખાવી લેનાર અને કન્ફમીંગ પાર્ટી આ બાનાખતના કરારની શરતોનું પાલન કરવામાં કસુર કરો તો તેવા સંજોગોમાં તમો લખાવી લેનાર અને-અગર કન્ફમીંગ પાર્ટી મજકુર મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશનના નકકી કરવામાં આવેલ મેઈન્ટેનન્સ વીગેરેની રકમો ચુકવવાની જવાબદારી સ્વીકારે છે.

(૧૫) કન્ફર્મિંગ પાર્ટી તરફથી તમો લખાવી લેનારને ઉપરોકત શરત મુજબ મજકુર ફલેટનો કબજો મેળવવાની લેખિત સુચના મળ્યા બાદ તેમજ આ કરારમાં જણાવ્યા મુજબની શરતો અને જરૂરી પેપર્સ, દસ્તાવેજ વીગેરેની નોંધણી કરાવ્યા બાદ તમોને ફાળવેલ

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

ફ્લેટનો કબજો મેળવી લેવાનો રહેશે અને ઉપરોકત શરત મુજબની સમય મર્યાદામાં તમોને ફાવામાં આવેલ ફ્લેટનો કબજો લેવામાં તમો લખાવી લેનાર વિલંબ કરો તો તમો લખાવી લેનાર મજકુર મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશનના નકકી કરેલ ધારાધોરણ મુજબ મેઈન્ટેનન્સ ચાર્જીસ ચુકવવા માટેની જવાબદારી તમોએ સ્વીકારેલ છે.

(૧૬) તમો લખાવી લેનારને કબજો સુપ્રત કર્યાના ૫ (પાંચ) વર્ષના સમયગાળા દરમ્યાન મજકુર યુનીટમાં અથવા બિલ્ડીંગમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કામગીરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી લખાવી લેનાર, કન્ફર્મિંગ પાર્ટીવાળાના ધ્યાને લાવે અને તે ખામી લખાવી લેનારને લીધે ઉત્પન્ન થયેલ ન હોય તો કન્ફર્મિંગ પાર્ટીવાળાએ શકય હોય ત્યાં સુધી આવી ખામી તેમના ખર્ચે દુર કરી આપવાની રહેશે અને આવી ખામી દુર કરવાનું શકય ન હોય તો લખાવી લેનાર આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ લેખમાં જણાવેલ શરતોને આધીન ખામી માટેનું વળતર મેળવવા હકકદાર રહેશે, પરંતુ આવી ખામીઓ માટે કન્ફર્મિંગ પાર્ટીવાળા જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા આવી ખામીઓ માટેનું કારણ કર્ફેમીંગ પાર્ટીવાળા નિયંત્રણ બહાર હોય અથવા આવી ખામી લખાવી લેનારને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય તો તેવી કોઈપણ માળખાગતખામી કામગીરી સેવાની જોગવાઈઓ અંગેની ગુણવત્તા અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા લખાવી લેનારના કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન થયેલ હશે કન્ફર્મિંગ પાર્ટીવાળા, લખાવી લેનારને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહી કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવાની કન્ફેમીંગ પાર્ટીવાળાની કોઈ જવાબદારી રહેશે નહીં.

(૧૭) તમો લખાવી લેનારને એલોટમેન્ટનો દસ્તાવેજ કરી આવ્યેથી સદર નીચે જણાવેલ પરિશિષ્ટમાં જણાવેલ મીલકતના તમો લખાવી લેનાર મજકુર એસોસીએશનના

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

ધારાધોરણ મુજબ કુલ સ્વતંત્ર માલીક સભાસદ થવા અંગે મજકુર એસોસીએશનને સાથ સહકાર આપવાનો રહેશે.

(૧૮) સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે જ કોઈ ટેક્ષો ભરવાના આવે તે તથા મજકુર એસોસીએશન તરફથી મેઈન્ટેનન્સ અંગે વહીવટી ખર્ચ તરીકે દર મહિને જે કોઈ રકમ ઉઘરાવવામાં આવે તે તમો લખાવી લેનારે ચુકવવાની રહેશે.

(૧૯) સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત મ્યુ. રેકર્ડ, સીટી સર્વે રેકર્ડ, ઈલેક્ટ્રીક સીટીના રેકર્ડ તથા અન્ય જરૂરી રેકર્ડમાં તમો લખાવી લેનાર તમારા નામે ટ્રાન્સફર કરાવી લેવા હકકદાર થયા છો અને તે અંગેની સંપુર્ણ જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

(૨૦) આ બાનાખત તથા તમોને એલોટમેન્ટનાં દસ્તાવેજનાં થતાં તમામ ખર્ચ જેવા કે, સ્ટેમ્પ ડયુટીની રકમો, રજી.ફી, વકીલ ફી, જી એસ ટી વીગેરનું તમામ ખર્ચ તમો લખાવી લેનારે ભોગવેલ છે તેમજ સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે મજકુર એસોસીએશન તરફથી મેઈન્ટેનન્સ ડીપોઝીટ તરીકે જે કાંઈ રકમ ઉઘરાવવામાં આવે તે તમો લખાવી લેનારે મજકુર એસોસીએશનમાં જુદી ચુકવવાની રહેશે.

(૨૧) લખી આપનાર એસોસીએશને અગાઉ પોતાના સભાસદોને શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ છે અને તેવા શેર સર્ટીફીકેટની માન્યતા ચાલુ રાખીને મજકુર એસોસીએશનના વધારાના તમામ ૧૨ ફલેટો અંગે દરેક ફ્લેટ દીઠ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે આમ ભવિષ્યમાં તો લખાવી લેનારના નામે સદર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત અંગે જરૂરી શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે જે તમો લખાવી લેનારે મજકુર લખી આપનારે એસોસીએશને નકકી કર્યા મુજબના ધારાધોરણ મુજબનું તમો લખાવી લેનારે વર્તન કરવાનું રહેશે.

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

(૨૨) આ લેખની કોઈપણ શરત બાબતે આપણે લખી આપનાર, લખાવી લેનાર તથા કન્ફર્મિંગ પાર્ટીવાળા વચ્ચે મતભેદ ઉપસ્થિત થાય તો આપણે આપણે લખી આપનાર, લખાવી લેનાર તથા કન્ફર્મિંગ પાર્ટીવાળાએ અરસ પરસની સમજુતીથી તેનો નિકાલ લાવવાનો રહેશે અને તેમ છતાં આપણે આપણે લખી આપનાર, લખાવી લેનાર તથા કન્ફર્મિંગ પાર્ટીવાળા વચ્ચે અરસ પરસ સમજુતીથી તેનો નિકાલ ના આવે તો તેવા સંજોગોમાં રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૬ અન્વયે અધિકારી મારફતે તેની નિકાલ લાવવાનો રહેશે.

(૨૩) આ લેખની કોઈપણ જોગવાઈ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને નિતિનિયમો હેઠળ અથવા લાગુ પડવા પાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિન અમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઈઓ આ લેખના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતાં કાયદાઓ અથવા તેને અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ થયેલી ગણાશે. આ લેખની બાકીની જોગવાઈઓ આ લેખના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૨૪) સદર "મુરલી એપાર્ટમેન્ટ" નાં વપરાશ પ્રમાણપત્ર (BU) મેળવ્યા પહેલા વિકાસ પરવાનગી નિયમો હેઠળ વધારાની એફ એસ આઈ મળવાપાત્ર થાય તો બુકિંગ કરાયેલ ફ્લેટના ૨/૩ એલોટીશ્રીઓની મંજુરી અંગે પ્રોજેક્ટનો પ્લાન રીવાઈઝ કરાવી શકાય છે તથા પ્રોજેક્ટ માટેનું રેરા કાયદાની કલમ ૧૪ અન્વયે રીવાઈઝ કરાવી શકાય છે. બાંધકામ અંગે બી.યુ. પરમીશન મળી તથા વેચાણ દસ્તાવેજ થઇ જાય ત્યારબાદ સદર યોજનાની રૂઈએ જે કાંઈ વધારાની એફ એસ આઈ બાકી રહેલ હોય તેના ઉપર લખાવી લેનાર તથા કન્ફર્મિંગ પાર્ટીવાળાના કોઈપણ હકક હીસ્સા રહેશે નહીં અને તેના તમામ હકકો એસોસીએશનના સભાસદો તેમજ તમામ ફલેટ હોલ્ડરના સહીયારા સહમાલીકીના ગણાશે.

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP

(૨૫) સદર "મુરલી એપાર્ટમેન્ટ"નાં નામથી ઓળખાતી યોજનાની રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટ ૨૦૧૬ ની કલમ-૫ ની જોગવાઈ મુજબ તા............ ના રોજ નંબરઃથી નોંધણી કરાવેલ છે

એ રીતેનો આ બાનાખત આપણે લખી આપનાર, લખાવી લેનાર તથા કન્ફર્મિંગ પાર્ટીવાળાએ પોત પોતાની રાજીખુશીથી, વાંચી, સમજી વિચારીને કોઈના કોઈપણ જાતનાં દાબ દબાણ કે ધમકી વિના તનમનના સાવધાનપણાંમાં બીનકેફે સ્વેચ્છાએ કરેલ જે આપણે લખી આપનાર, લખાવી લેનાર તથા કન્ફર્મિંગ પાર્ટીવાળાઓને તથા આપણે લખી આપનાર, લખાવી લેનાર તથા કન્ફર્મિંગ પાર્ટીવાળાઓના વંશ, વાલી, વારસો, હોદેદારો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઝ, એડમીનીસ્ટેટર્સ વીગેરે સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

પરિશિષ્ટ-૧

જત ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ – ૨ (વાડજ) નાં સાબરમતી તાલુકાનાં મોજે ગામ વાડજની સીમના રેવન્યુ સર્વે નં – ૫૩૭/એ – ૩ જેનું ક્ષેત્રફળ ૧૦૧૨ ચો.મી. જેનો ટી.પી.સ્કીમ નંબર – ૨૮ ના ફાઈનલ પ્લોટ નંબર – ૫૫૨ ની બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ "મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશન" કે જે ધી બોમ્બે નોન ટ્રેડીંગ કોર્પોરેશન એકટ, ૧૯૫૯ ની જોગવાઈઓ અનુસાર એન.ટી.સી.જી. ૨૭૫, તા.૦૪/૦૨/૧૯૮૦ના રોજ નોંધાયેલ નોન ટ્રેડીંગ એસોસીએશન તરફથી બાંધવામાં આવેલ છે,, તેનાં તરફથી બાંધવામાં આવેલ બીલ્ડીંગ, જે "મુરલી એપાર્ટમેન્ટ" ના નામથી ઓળખાય છે તેમાં ફલેટ નંબરઃ...... ફલોર, સ.ચો.મી. બિલટઅપ એરીયા સ.ચો.મી. ફ્લેટનો રેરા કાર્પેટ એરીયા અને આશરે .... સ.ચો.મી.ની બાલ્કની તથા વોશ એરીયાનું બાંધકામ તથા પેરા-૧ માં જણાવેલ જમીનમાં વગર વહેંચાયેલ ૧/૨૧ મો હકક હીસ્સો વાળી મીલકત

સહરહુ જમીનવાળી મીલકતનાં ખુંટ ચારની વિગતઃ

FOR, HEENA C...

PARTNERSHIP

પૂર્વે : .... આવેલ છે.
પશ્ચિમે : .... આવેલ છે.
ઉત્તરે : .... આવેલ છે.
દક્ષીણે : .... આવેલ છે.

આજ તા...... માહે........ સને ૨૦૨૩ ના રોજ શહેર અમદાવાદ મધ્યે.
અત્રે...................... મતુ અત્રે..............................-શાખ.

લખી આપનાર :
મુરલી એપાર્ટમેન્ટ ઓનર્સ એસોસીએશનના
૧.-----------------------------------
(ચેરમેન:- જીતેન્દ્ર મદનલાલ ભારતી)

લખાવી લેનાર- વેચાણ રાખનાર :

1-..

કફેમીંગ પાર્ટીવાળા-સંમતિ આપનાર:
હીના કન્સ્ટ્રકશન એ નામની ભાગીદારી પેઢીનાં ભાગીદારી વતી અને તરફથી નિમાયેલા
અધિકૃત ભાગીદાર

....
(હિમાલય મનસુખભાઈ મકવાણા)

FOR, HEENA CONSTRUCTION

PARTNERSHIP